# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૮૨૩૨ તા.૨૯/૦૯/૨૦૨૧

પરિપત્ર: ૨૫૩૮

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જીલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરીના તા.૨૭/૦૯/૨૦૨૧ના પત્ર સંદર્ભે જણાવવાનું કે, જિલ્લા રમતગમત વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની નવરાત્રી રસ-ગરબા (પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા) સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે સ્પર્ધામાં ૧૪ થી ૪૦ વર્ષના સ્પર્ધકો ભાગ લઇ શકશે. સ્પર્ધાનું આયોજન ૦૪, ઓક્ટોબર ૨૦૨૧ના રોજ કલરવ સ્કુલ ગોધરા ખાતે યોજાશે. જે સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ પત્ર સાથે સામેલ પ્રવેશ ફોર્મ ભરીને જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી, પંચમહાલના ઈ-મેઈલ આઈડી અને સરનામે તા.૦૨/૧૦/૨૦૨૧ સુધીમાં મોકલી આપવાના રહેશે. સ્પર્ધા અંગેના નિયમો જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી, ગોધરા, પંચમહાલ ખાતેથી મળી રહેશે. વધુ માહિતી માટે શ્રી રાજેશ પારગી(પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી)નો સંપર્ક કરવાનો રહેશે. મો. નં- ૬૩૫૩૯૩૫૭૫૭.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જિલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાન તથા જરૂરી કાર્યવાહી અર્થે.

નકલ-

- જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, ગોધરા. પંચમહાલ.
- કલેકટરશ્રી, જિલ્લા સેવા સદન, ગોધરા, પંચમહાલ.

# જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી

પંચમહાલ-ગોધરા
બહુમાળી ભવન,જિલ્લા સેવા સદન,ભાગ–૨,પ્રથમ માળે,રૂમ નં–૩૫
ગોધરા જિ.પંચમહાલ, ૩૮૯૦૦૧ ફોન : ૦૨૬૭૨ ૨૪૧૪૮૧
Email : dsopanchmahal29@gmail.com

જા.નં.જી.ર.ગ.અ./ નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા./૨૦૨૧ — તારીખ:૨૭/૦૯/૨૦૨૧

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

ગોવીંદ ગુરૂ યુનિવર્સીટી,

ગોધરા, જિ.પંચમહાલ.

**વિષય** :– નવરાત્રી રાસ–ગરબા સ્પર્ધામાં ભાગ લેવા અંગેનું પ્રવેશપત્ર મોકલવા બાબત.
**સંદર્ભ** :– માન.કમિશ્નરશ્રી, યુ.સે.સાં.પ્ર.ગાંધીનગરના તા.૨૧/૦૯/૨૦૨૧ના પત્ર
ક્રમાંક:યસપ/સંસ્કૃતિ/૨૦૨૧–૨૨/ગ–૨/૧૦૦૬૬–૧૦૨૧૬ અન્વયે

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે ચાલુ વર્ષે માન.કમિશ્નરશ્રી ધ્વારા મળેલ સુચના મુજબ અત્રેની કચેરી ધ્વારા જિલ્લાકક્ષાની નવરાત્રી રાસ–ગરબા (પ્રચીન ગરબા , અર્વાચીન ગરબા) સ્પર્ધા ૧૪ થી ૪૦ વર્ષ સ્પર્ધકો માટે આગામી ૦૪ ઓકટોબર ૨૦૨૧ દરમ્યાન કલરવ સ્કુલ ગોધરા ખાતે યોજવામાં આવનાર છે. જે સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશ પત્ર સ્પર્ધકે અત્રેની કચેરીને તા.૦૨/૧૦/૨૦૨૧ સુધી ટપાલ અથવા ઈ–મેઈલ થી મોકલી આપવાની રહેશે.

સ્પર્ધા અંગેના નિયમો અત્રેની કચેરીએ થી મળી રહેશે. વધુ માહીતી માટે સંપર્ક શ્રી રાજેશ પારગી (પ્રાંત યુવા વિકાસ અધિકારી મો.નં.૬૩૫૩૯૩૫૭૫૭) ને સંપર્ક કરવાનો રહેશે.

જિલ્લા રમતગમત અધિકારી
પંચમહાલ

**નકલ સવિનય રવાના :**
કલેક્ટરશ્રી, પંચમહાલ

Scanned with CamScanner

વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માં કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,ગાંધીનગર દ્વારા જીલ્લાકક્ષાએ સંબંધિત જીલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી/પંચમહાલ/જીલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી,પંચમહાલ મારફતે યોજવામાં આવનાર

પંચમહાલ રાસ-ગરબા હરીફાઈમાં ભાગ લેવા માટેનું પ્રવેશપત્ર : અરજી પત્રક

## અર્વાચીન ગરબા/ પ્રાચીન ગરબા તથા રાસ સ્પર્ધામાં ભાગ લેવા માટે મોકલવાનું પ્રવેશપત્ર

૧. સંસ્થાનું નામ:-.......................................................................................................

૨. સંસ્થાનું સરનામું:-..................................................................................................

૩. સંસ્થાની જવાબદાર વ્યક્તિનું નામ.......................................................................
અને સરનામું .............................................................................................................

૪. સંસ્થાની જે કોઈ જવાબદાર વ્યક્તિની સહેલાઇથી
સંપર્ક સાધી શકાય તે માટે તેમનો મોબાઈલ નંબર .........................................................

૫. રાસ-ગરબા સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારોના નામની યાદી જુદા પાના નીચે પ્રમાણે દર્શાવવી,જોડવી
ક્રમ/નામ/સરનામું/જન્મ તારીખ/હાલની ઉંમર ..............................................

૬. પ્રાચીન કૃતિના શબ્દો:-.............................................................................................

૭. અર્વાચીન કૃતિના શબ્દો:-..........................................................................................
લેખકનું નામ:-.............................................................................................................

૮. રાસની કૃતિના શબ્દો ..................................................................................................
લેખકનું નામ:-.............................................................................................................
(લખાણ ની બે નકલ પ્રવેશપત્ર સાથે બીડવી)

૯. કૃતિના કર્તાની (લેખકની પરવાનગી મેળવવામાં આવી છે ?.............................................
મેળવેલી પરવાનગી સાથે જોડી છે?...............................................................................

૧૦. રાસની રજૂઆતમાં-સંગીત વિભાગમાં જે વાદ્યોની
ઉપયોગ કરવામાં આવનાર હોય તે વાદ્યોના નામ જણાવો.............................................

૧૧. અન્ય વિગત જણાવવી હોય તો તે રાસ મહોત્સવ ના નિયમો અમે વાંચ્યા છે અને તે પ્રમાણે વર્તવા બંધાઈએ છીએ

તારીખ:-

સહી:-.....................................................

સ્થળ:-

નામ:-.....................................................

હોદ્દો:-.....................................................

સંસ્થાનો સિક્કો યા સીલ

સંસ્થાનું નામ:-..........................................

Scanned with CamScanner

## અર્વાચીન ગરબા/ પ્રાચીન ગરબા તથા રાસ સ્પર્ધામાં ભાગ લેવા માટે કલાકારો અને સહાયકોની નામની યાદી

| ક્રમ | નામ | જન્મ તા. | આધાર કાર્ડ નં. | હાલની ઉંમર |
|---|---|---|---|---|
| | | કલાકારોની યાદી | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | સહાયકોના નામની યાદી | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

તા.:-

સ્થળ :-

સહી

હોદ્દો

સંસ્થાનું નામ

સંસ્થાનો સિક્કો

Scanned with CamScanner

# નવરાત્રી રાસ ગરબા સ્પર્ધાની માહિતી

## રાસ સ્પર્ધાના નિયમો

(૧) રાસમાં ભાગ લેનાર વ્યક્તિઓની વય મર્યાદાનું ધોરણ ૧૪ થી ૪૦ વર્ષનું રહેશે. વાધકારો ને વયમર્યાદા લાગુ પડશે નહી.

(૨) પ્રત્યેક રાસની સમય મર્યાદા ૬ થી ૧૦ મિનીટ ની રહેશે.

(૩) રાસમાં ભાગ લેનાર વ્યક્તિઓની સંખ્યા ૧૨ થી ૧૬ રાખી શકાશે. અને સાથે સહાયકો ૪ રાખી શકાશે. આમ કુલ સંખ્યા ૨૦ કરતા વધુ રાખી શકાશે નહી.

(૪) રાસ હરીફાઈમાં એકલા ભાઈઓ એકલી બહેનો છોકરા/છોકરીઓ મિશ્ર રાસ ની ટુકડી ભાગ લઇ શકશે.

(૫) રાસ,દાંડિયા,મંજીરા,કરતાલ સાથે પણ રાસ રહી શકાશે.

(૬) વેશભૂષા રાસ ને અનુરૂપ હોવી આવશ્યક છે.

(૭) રાસમાં અસલ લોકગીત ભજનો વગેરે લોકકલાના શુદ્ધ સ્વરૂપ ના ગીતો રજુ કરવાના રહેશે.

(૮) એક રાસ મંડળી માં ભાગ લેનાર વ્યક્તિ બીજી મંડળી માં ભાગ લઇ શકશે નહીં.

(૯) રાસમાં હાર્મોનિયમનો ઉપયોગ કરી શકશે. બહારથી પણ ગવડાવી શકાશે ઇલેક્ટ્રોનિક વાધનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૧૦) આ રાસ સ્પર્ધા પ્રથમ જિલ્લા કક્ષાએ યોજાશે જિલ્લાકક્ષાએ યોજાનાર સ્પર્ધામાં રાસ મંડળીઓ એ ભાગ લેવાનો રહેશે જિલ્લાકક્ષાએ પસંદ કરાયેલ મંડળીનું રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જેવું ધોરણ ન હોય તો તેને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે મોકલવી કે કેમ તે અંગે જિલ્લા કક્ષાના નિર્ણાયકોનો નિર્ણય લેશે અને તેમનો નિર્ણય આખરી રહેશે.

(૧૧) જિલ્લા તથા રાજ્ય કક્ષાએ ભાગ લેવા જે તે મંડળીને શક્ય હશે. તો અગાઉથી રજૂઆતનો ક્રમ જણાવવામાં આવશે તેમ છતાં અનિવાર્ય સંજોગોમાં આ ક્રમમાં ફેરફાર કરી શકાશે અને તે અંગેનો આખરી નિર્ણય ભાગ લેનાર મંડળીઓ બંધનકર્તા રહેશે.

(૧૨) સરકારશ્રીના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તારીખ 03/05/2008ના ઠરાવ ક્રમાંક:સનન-૧૦૨૦૦૭.સીવિ.૪૧-અ અન્વયે કરાવ્યા અનુસાર રાજ્યકક્ષા સદરહું સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાઓને રૂ.૧૦૦૦/- ને બદલે હવેથી રૂ.1500 પુરસ્કાર આપવામાં આવશે. તેમજ આ ઉપરાંત નિયત કરાયેલ કલાકારો સંગીતકારોની સંખ્યા મર્યાદામાં સ્પર્ધા ના સ્થળે આવવા-જવાના બસ ભાડા જેટલી (અથવા રેલ્વે ના બીજા વર્ગના ભાડા જેટલી) રકમ પણ આપવામાં આવશે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ફક્ત એક જ દિવસની નિવાસ અને ભોજનની વ્યવસ્થા રાજ્ય તરફથી કરવામાં આવશે જે મંડળીઓએ ત્રણેય દિવસ રહેવાની ઈચ્છા હશે. તો તેમણે તેમની પોતાની વ્યવસ્થા પોતાના ખર્ચે જોખમે કરી લેવાની રહેશે

(૧૩) પ્રવેશ પત્ર ભરવા માં કંઈ ખામી રહી ગઈ હશે યા માહિતી આપવાની બાકી હશે અગર તો વધારે વિગતની જરૂરત હશે તો રાસ મંડળીના મુખ્ય કાર્યકર્તા ને રૂબરૂ બોલાવવામાં આવશે. માટે પ્રવેશ પત્ર માં ટેલીફોન નંબર અને જવાબદાર વ્યક્તિનું પુરેપુરૂ સરનામું આપવા વિનંતી છે જણાવેલ સમયમાં મુખ્ય કાર્યકર્તા હાજર નહીં થાય તો તેમનું પ્રવેશ પત્ર રદ કરવાને પાત્ર રહેશે નિયમોની પ્રત પણ સંસ્થાને પોતાની પાસે રાખવાની રહેશે.

(૧૪) પ્રવેશ પત્રોની બે નકલો ભરીને મોકલવાની રહેશે.

(૧૫) નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે અને તેમાં દાવો કરી શકાશે નહી.

(૧૬) છેલ્લા કેટલાક વર્ષોના અનુભવ ઉપરથી એવું જણાય છે કે કેટલીક કૃતિઓ એક કરતા અનેક મંડળીઓ દ્વારા પસંદગી પામે છે એવા સંજોગોમાં સ્પર્ધાની વિવિધતા જળવાતી નથી અને રજૂઆત નીરસ બને છે. આમ ન થાય તે માટે પ્રવેશપત્રો આવતાં જશે તેમ કૃતિઓ જોઈ લેવાશે અને ફેરવવાની જરૂરત જણાશે તો તે જણાવવામાં આવશે એ સંજોગોમાં સંસ્થાઓને કૃતિ ફેરવાની રહેશે. આ બાબતમાં સ્થાનિક વ્યવસ્થાપક નો નિર્ણય આખરી રહેશે સંસ્થાએ આ બાબતમાં વિશેષ સહકાર આપવા વિનંતી છે

Scanned with CamScanner

# પ્રાચીન તથા અર્વાચીન ગરબા સ્પર્ધા ના નિયમો

(૧) ગરબામાં ભાગ લેનાર બહેનોની વયમર્યાદાનું ધોરણ ૧૪ થી ૩૫ વર્ષનું રહેશે વાદ્યકારોને વયમર્યાદા લાગુ પડશે નહી

(૨) બીજું પ્રત્યેક ગરબા ની સમય મર્યાદા ૬ થી ૧૦ મિનિટ રહેશે.

(૩) પ્રત્યેક ગરબામાં ઓછામાં ઓછી ૧૨ અને વધુમાં વધુ ૧૬ બહેનો હોવી જોઈએ.

(૪) ગરબા સાથે સાજ સંગીત માં વધુમાં વધુ ૪ વાદ્યો ઉપયોગમાં લઇ શકાશે. હાર્મોનિયમનો ઉપયોગ થઈ શકશે અને તે એક વાદ્ય તરીકે ગણાશે. વળી હાર્મોનિયમ વગાડનાર કલાકારને માઈકથી દુર બેસવાનું રહેશે.જે વાદ્યનો ઉપયોગ કરવા માગતા હો તેના નામ પ્રવેશપત્રમાં ભરવા આવશ્યક છે. ગરબાની શરૂઆત માં વાદ્ય વાદનને પ્રાધાન્ય અપાય તે ઇચ્છનીય છે.

(૫) (ક) પ્રત્યેક સંસ્થાએ એક પાચીન અને એક અર્વાચીન એમ બે ગરબા રજૂ કરવાના રહેશે. પ્રાચીન ગરબો રજુ કરવો ફરજીયાત છે. જ્યારે અર્વાચીન ગરબામાં ભાગ લેવો મરજીયાત છે. ગરબા ની પૂરી કૃતિઓને શુદ્ધ પાઠ ધરાવતી એક શુદ્ધ જોડણીવાળી બબ્બે હસ્તલિખિત નકલો પોતાના પ્રવેશ પત્ર સાથે મોકલવાની રહેશે. શ્રેષ્ઠ પ્રાચીનકૃતિ અને શ્રેષ્ઠ અર્વાચીન કૃતિની રજૂઆત કરનાર મંડળીથી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરાશે.

(ખ) કૃતિઓનું ધારાધોરણ લોક સાહિત્યની દ્રષ્ટિએ યથાયોગ્ય હોવું જોઈએ અને કેવળ જોડકણાં જેવી કૃતિ હશે તો આયોજકોને તેનો અસ્વીકાર કરવાનો અધિકાર રહેશે.

(ગ) જે કૃતિ રજૂ કરવા માગતા હોય તે કૃતિઓ રજુ કરવાની લેખિત પરવાનગી મેળવવાની રહેશે જે અંગેની જરૂરી મંજૂરી મેળવવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે

(૬) ગરબે ઘૂમતી બહેનો પૈકી બે થી ચાર બહેનો ગવડાવશે અને બાકીની બહેનો પોતાના ગરબો જીલે અને જીલાવે એ આવશ્યક છે. એ માટે જુદુ ગાયક વૃંદ રાખી શકાશે નહી. રાજ્ય કક્ષામાં ગવડાવનાર ૨ થી ૪ બહેનોને લેપલ(બટન) માઇક પણ આપવામાં આવશે. અને તેનો ઉપયોગ કરી શકાશે.

(૭) ગરબા ની ચકાસણી લોકગમ્યઢાળ કંઠયનું માધુર્ય અને સુરીલાપણું સમસ્ત ગાનાર વૃંદના સુમેળ ભર્યા લલિત અંગડોલન સાથેની લયબધ્ધ ઘુમવાની છટા અને સુસ્પષ્ટ ઉચ્ચારણ જેવા ગરબાના પ્રધાન અંગ પ્રત્ય સવિશેષ ધ્યાન અપાશે અને એજ ધોરણે ,મૂલ્યાંકન કરાશે.

(૮) ગરબા ની રજૂઆત માટે ચપટી, મંજીરા, દીવડા, માટલી,ગાગર, ઘડો વગેરેનો ઉપયોગ ગરબા માં થઈ શકશે

(૯) પ્રાચીન ગરબાની રજૂઆતમાં ગરબાની કૃતિ અને તેનો ઢાળ પ્રાચીન હોવો જરૂરી છે. પ્રાચીન કૃતિને અર્વાચીન ઢાળમાં નહી પણ પ્રાચીન ઢાળમાં જ રજુ કરવાની રહેશે. પ્રાચીન કૃતિને રજુઆત માટે હારમોનિયમ, તબલા કે ઢોલક, બંસરી,શરણાઈ જેવા જ પ્રાચીન વાજીત્રોનો તેમજ વાયોલીન ઉપયોગ કરી શકાશે. ઇલેક્ટ્રિકોનીક્સ જેવા વાદ્યનો ઉપયોગ કરી શકાશે નહી. વાદ્યની સંખ્યા ૪ થી વધવી જોઈએ નહી.

(૧૦) (ક)ગરબાની રજૂઆત વેળા રંગબેરંગી પ્રકાશ આયોજન પ્રથા રાખવાની નથી.

(ખ)પ્રાચીન અને અર્વાચીન બંને કૃતિઓ ૧૨ થી ૧૬ બહેનોની જુદી જુદી ટુકડીઓ રજૂ કરી શકશે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રત્યેક વૃંદ પોતે જે વિભાગમાં પસંદગી પામ્યા હોય તે વિભાગની કૃતિઓ રજુ કરવાની રહેશે.

(૧૧) ગરબા નૃત્ય પ્રધાન ન હોવા જોઈએ. તેમજ તેમાં નાટકીય હાવ ભાવ પણ અસ્થાને લેખાશે.

(૧૨) પ્રાચીન ગરબાની કૃતિ તેના ઢાળ અને રજૂઆતની રીત વગેરેમાં નવીન પ્રયોગને અવકાશ રહેશે. પરંતુ તેવા પ્રયોગો લોકકલાને મર્યાદા અને સ્વરૂપ સમજીને ગરબા જેવી લોકકલાને લાયક હોવા જોઈએ. અર્વાચીન લેખકોએ પ્રાચીન શૈલીમાં અગર તો લોકગીત ની શૈલીમાં લખેલી કૃતિ પાચીન કૃતિ તરીકે રજુ કરી શકાશે નહી.

(૧૩) એક ગરબા મંડળીમાં ભાગ લેનાર બહેન-બહેનો બીજી ગરબા મંડળી માં ભાગ લઇ શકશે નહી.

(૧૪) કેટલાક વર્ષોના અનુભવે એવું જણાવેલ છે કે,સામાન્ય ધોરણની એક પ્રકારની નિવારી શકાય તેવી મર્યાદાઓ ધરાવતી સંસ્થાઓ સ્પર્ધામાં ભાગ લેવા તત્પર બને છે. તેમની ભાગ લેવાની ઉત્સાહવૃતિ આવકારદાયક છે. તે સાથે સંસ્થાઓનું ધોરણ યોગ્ય ન હોય તો એની રજૂઆત અત્યંત નબળી બની રહે અને એ સંજોગોમાં રજૂઆત હાંસીપાત્ર બને. આમ ન બને તે માટે ભાગ લેનાર સંસ્થાઓને જિલ્લાકક્ષાની ચકાસણી ચકાસણી સમિતિ સમક્ષ કરવાની રહેશે ચકાસણી સમિતિએ પસંદ કરેલી મંડળીઓને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે ચકાસણી અંગેની પદ્ધતિ જે તે જિલ્લાના નિર્ણાયક નક્કી કરશે અને તે ભાગ લેનાર મંડળીએ માન્ય રાખવાની રહેશે

Scanned with CamScanner

(૧૪) દર વર્ષે જિલ્લા કક્ષાએ સ્પર્ધા યોજાશે જિલ્લાકક્ષાએ યોજાનાર સ્પર્ધામાંથી પસંદ કરાયેલ એક શ્રેષ્ઠ પ્રાચીન મંડળી અને એક શ્રેષ્ઠ અર્વાચીન મંડળી રાજ્યકક્ષા સ્પર્ધા માટે પસંદ કરાશે.

(૧૬) સરકારશ્રીના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના તારીખ ૦૩/૦૬/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક:સનન-૧૦૨૦૦૩.સીવિ.૪૧-એ અન્વયે કરાવ્યા અનુસાર રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાઓને રૂ.૧૦૦૦/- ને બદલે હવેથી રૂ.૧૫૦૦/- પુરસ્કાર આપવામાં આવશે. તેમજ આ ઉપરાંત નિયત કરાયેલા કલાકારો સંગીતકારોની સંખ્યા મર્યાદામાં સ્પર્ધા ના સ્થળે આવવા-જવાના બસ ભાડા જેટલી (અથવા રેલ્વે ના બીજા વર્ગના ભાડા જેટલી) રકમ પણ આપવામાં આવશે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ફક્ત એક જ દિવસની નિવાસ અને ભોજનની વ્યવસ્થા રાજ્ય તરફથી કરવામાં આવશે જે મંડળીઓએ ત્રણેય દિવસ રહેવાની ઈચ્છા હશે. તો તેમણે તેમની પોતાની વ્યવસ્થા પોતાના ખર્ચે જોખમે કરી લેવાની રહેશે

(૧૭) છેલ્લા કેટલાક વર્ષોના અનુભવ ઉપરથી એવું જણાય છે કે કેટલીક કૃતિઓ એક કરતા અનેક મંડળીઓ દ્વારા પસંદગી પામે છે એવા સંજોગોમાં સ્પર્ધાની વિવિધતા જળવાતી નથી અને રજૂઆત નીરસ બને છે. આમ ન થાય તે માટે પ્રવેશપત્રો આવતાં જશે તેમ કૃતિઓ જોઈ લેવાશે અને ફેરવવાની જરૂરત જણાશે તો તે જણાવવામાં આવશે એ સંજોગોમાં સંસ્થાઓને કૃતિ ફેરવાની રહેશે. આ બાબતમાં સ્થાનિક વ્યવસ્થાપક નો નિર્ણય આખરી રહેશે સંસ્થાએ આ બાબતમાં વિશેષ સહકાર આપવા વિનંતી છે

(૧૮) પ્રવેશ પત્ર ભરવા માં કંઈ ખામી રહી ગઈ હશે યા માહિતી આપવાની બાકી હશે અગર તો વધારે વિગતની જરૂરત હશે તો રાસ મંડળી મુખ્ય કાર્યકર્તા ને રૂબરૂ બોલાવવામાં આવશે. માટે પ્રવેશ પત્ર માં ટેલીફોન નંબર અને જવાબદાર વ્યક્તિને પુરેપુરૂ સરનામું આપવા વિનંતી છે જણાવેલ સમયમાં મુખ્ય કાર્યકર્તા હાજર નહીં થાય તો તેમનું પ્રવેશ પત્ર રદ કરવાને પાત્ર રહેશે નિયમોની પ્રત સંસ્થાને પોતાની પાસે રાખવાની રહેશે.

(૧૯) પ્રવેશ પત્રોની બે નકલો ભરીને મોકલવાની રહેશે.

(૨૦) પ્રાચીન અને અર્વાચીન કૃતિ ની ચકાસણી બરાબર કરાય તે માટે સ્થાનિક આયોજકો સાહિત્યકારો તથા ગરબાના નિષ્ણાતોની એક ચકાસણી સમિતિ રચી અને તેમની પાસે કૃતિઓની ચકાસણી કરાવે તે અત્યંત આવશ્યક છે. ઘણીવાર એવું જોવા મળે છે. કે ગુજરાતના જાણીતા અર્વાચીન કવિની લોકગીતના ઢબે લખાયેલી કૃતિને પ્રાચીન કૃતિ તરીકે સ્વીકારી લઈ પ્રાચીન વિભાગમાં રજુ કરાય છે. આવું બનવું ન જોઈએ. પ્રાચીન ગરબાની કૃતિ પ્રાચીન કવિ દ્વારા જ લખાયેલી હોવી જોઈએ એ એની રજુઆતમાં પણ અસલીયત જાળવવી જોઈએ. કવિશ્રી નાનાલાલ પહેલાના ગરબા ગણવાના રહેશે. ત્યારપછીના તમામ ગરબા અર્વાચીન ગરબા ગણાશે.

(૨૧) નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે અને તેમાં તકરાર કે દાવો કરી શકાશે નહી.

Scanned with CamScanner